**<u>વિરમગામ રેલ્વે પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં.૧૧૯૯૪૦૧૪૨૫૦૧૫૨/૨૦૨૫ ના કામે અરજદાર મયુર દીનેશભાઇ બરાસરા ની બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ મુજબ મુદ્દામાલ મોબાઇલ ફોન પરત લેવાની અરજી તળે હુકમ:</u>**

(૧) હાલના કામે વિરમગામ રેલ્વે પોલીસ સ્ટેશન એ.ગુ. ર. નં. ૧૧૯૯૪૦૧૪૨૫૦૧૫૨/૨૦૨૫ ના કામે પોલીસે બી.એન.એસ.કલમ-૩૦૩(૨) હેઠળનો ગુનો નોંધવામાં આવતાં તેમાં હાલનો મુદ્દામાલ ઓપ્પો એ-૫ પ્રો.નો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ. નં. ૮૬૦૯૬૦૦૭૧૭૯૩૨૩૦ છે તે કબજે કરેલ છે. જે અરજદારની માલીકીનો મોબાઇલ ફોન છે. અને તે રોજબરોજના વપરાશનું સાધન હોઇ તેનો હંગામી કબજો તેઓને સોંપવા માટે હાલની અરજી કરેલ છે. સદર ફોન તે અરજદારને પરત સોંપવામાં ન આવે તો, તે પોલીસ સ્ટેશનમાં પડી રહે અને તેના સ્પેરપાર્ટસને ઘણું જ નુકશાન જાય તેમ છે. તેમજ સદરહું મુદ્દામાલ આરોપી પાસેથી કબજે લીધેલ હોઇ, અરજદાર સદરહું મુદ્દામાલના માલીક હોઇ, સદરહું મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પડી રહે તો અરજદારને ઘણું જ નુકશાન જાય તેમ છે. આ સંજોગોમાં તેનો કબજો અરજદારને સોંપવા રજુઆત કરેલ છે.

(૨) આ કામે અરજદારની અરજી આવતાં તે સંબંધે વિ.એ.પી.પી.શ્રીને નોટીસ કરેલ છે. તેમજ આ કામે તપાસ કરનાર અરમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, સદર મુદ્દામાલની તપાસના કામે હાલમાં જરુરીયાત ન હોય જેથી મુદ્દામાલ તપાસના કામે જરુર પડેથી રજુ કરવાની શરતે તથા નામદાર કોર્ટની શરતોને આધીન ફરીયાદીને પરત સોંપવા રજુઆત કરેલ છે. ત્યારબાદ સદર કામ સાંભળવા માટે મુલતવી રાખેલ છે. આ કામે પોલીસ પેપર્સ ધ્યાને લેતાં સદર મુદ્દામાલ આરોપી અંકુશસિંહ હરીરાજસિંહ સતાવત પાસેથી મળી આવેલ છે. તેમજ વિ.એ.પી.પી. શ્રીને સાંભળવામાં આવેલ છે. અને અરજદાર તરફે તેઓના વિ.વકીલશ્રીને સાંભળેલ છે. જેઓએ પોતાની

અરજીમાં જણાવેલ કારણો ધ્યાને લઈ મુદ્દામાલ પરત કરવા વિનંતી કરેલ છે.

(૩) સાંભળ્યા. અરજદારની અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જોયાં. આ કામે મુદ્દામાલ મોબાઈલ ફોન અંગે અરજદારે બીલની નકલ રજુ કરેલ છે. તે જોતાં તે અરજદારના નામે હોવાનું જણાય છે. આમ, અરજદાર સદર ફોનના કાયદેસરના માલીક હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે. વળી, આ કામે સદર મુદ્દામાલનો અન્ય કોઈપણ વ્યકિતએ કલેમ કરેલ નથી. વળી આરોપી તરફે આ કામે નો–કલેઈમ પુરસીસ આપેલ છે. અને જણાવેલ છે કે, સદર મુદ્દામાલ અરજદારને સોંપવા સામે તેઓને વાંધો નથી. આ સંજોગોમાં જો સદર મુદ્દામાલ અરજદારને સોંપવામા ન આવે તો તે પોલીસ સ્ટેશન પડી રહે અને તેથી તેના સ્પેર પાર્ટસ ખરાબ થઇ જાય તેમ જણાય છે. વળી તે અરજદારનાં રોજબરોજના ઉપયોગનું સાધન છે. હવે આ કામે આરોપી સામેનો ગુનો જોઈએ તો, તે બી.એન.એસ.કલમ–૩૦૩(૨) મુજબનો છે. તેમજ આ કામે નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટ **<u>સુંદર અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, 2003 (2) GLR Page no.1337</u>** માં નિર્ણીત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતાં પણ આ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં રાખવાને બદલે અરજદારને યોગ્ય શરતો અને પુરતી રકમના બોન્ડ મેળવી અને જરૂર પડયે રજુ કરવાની શરતોને આધીન સોંપવુ ન્યાયોચીત જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરૂં છુ.

**<u>હુકમ</u>**

(૧) હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) હાલના કામે મુદ્દામાલ મુદ્દામાલ **ઓપ્પો એ–પ પ્રો.**નો મોબાઈલ ફોન, જેનો આઈ.એમ.ઈ.આઈ. નં. ૮૬૦૯૬૦૦૭૧૭૯૩૨૩૦ છે તે જે પોલીસે કબજે કરેલ છે તે, મુદ્દામાલ પાવતી તેમજ પંચનામામાં જણાવેલ કીંમતની દોઢી રકમના પાકા તેમજ સધ્ધર જામીન તેમજ તેટલીજ રકમના મુચરકા જે તે પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધીન અરજદારને કામચલાઉ ધોરણે કબજો સોંપવાનો હુકમ કરૂં છું.

**<u>શરતો:–</u>**

(૧) અરજદારે આ મુદ્ધામાલ અન્ય કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ, એસાઇન કે અન્ય કોઇપણ રીતે ટ્રાન્સફર કરવો નહી.

(૨) અરજદારે આ મુદ્ધામાલ જરૂર પડયે હુકમ કરતાં જયારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૩) અરજદારે આ મુદદામાલની હાલની પરીસ્થીતીમાં કોઇ ફેરફાર કરવો નહી.

(૪) અરજદારે આ મુધ્દામાલના ત્રણ બાજુએથી ફોટા પાડી આ કામે સામેલ કરવા.

(૫) અરજદારે તથા જામીનદારે મુદ્ધામાલ મોબાઇલ ફોન ઓપો–એ–૫ જરૂર પડયે હુકમ કરતાં જયારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનાં રહેશે.

(૬) અરજદારે પોતાનું કાયમી સરનામુ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવુ.

(૭) આ હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૧૮મી નાં માહે માર્ચ નાં સને ૨૦૨૬ ના રોજ આ હુકમ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬

વિરમગામ

આર.બી.મારફતીયા

એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ

વિરમગામ, જી.અમદાવાદ.

Judge Code No.GJ00633

કુ.પી.એ.પરમાર/પી.એ.